**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૬ ટકા

# શહેરની લીલાશ ઘટી : વિકાસ વધ્યો, વૃક્ષો ઘટયાં

## વર્ષ ૨૦૧૫થી ૨૦૨૨ સુધીમાં ૩૦ ટકા વૃક્ષો કાપી નંખાયા : આગામી સમયમાં વનવિભાગ વૃક્ષારોપણ કરી ફરી શહેરને લીલુંછમ કરવાનો પ્રયાસ હાથ ધરશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર હવે હરિયાળીથી આચ્છાદિત જોવા મળી રહ્યું નથી. ગુજરાતનું આ પાટનગર હવે ગરમ હવા ફેંકવા લાગ્યું છે. પહેલા એવું કહેવાતું કે ભરઉનાળે જો ઠંડક જોઈતી હોય તો ગાંધીનગર પહોંચી જાઓ. ગુગલ અર્થ ઈમેજરી દ્વારા શહેરની બદલાતી પ્રણાલી જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૫માં જેટલી હરિયાળી હતી તેનાથી ૩૦ ટકા વૃક્ષો ઘટી ગયા છે. છેલ્લા સાત વર્ષમાં વિકાસની દોટમાં વૃક્ષોની સંખ્યામાં ૩૦ ટકા જેટલો ધરખમ ઘટાડો થઈ ગયો છે. ગાંધીનગરની ગ્રીન સીટી તરીકેની ઓળખ ભૂંસાઈ રહી છે. લીલાછમ શહેરની ઓળખ ધરાવતા આ પાટનગરમાં હવે વૃક્ષો ઘટાદાર નથી રહ્યા એટલે કે સાત વર્ષમાં અઢળક વૃક્ષોનું મારણ કરવામાં આવ્યું છે. વિકાસની હરણફાળ ભરવામાં આ લીલુંછમ શહેર હવે આપણને લાલ લાઈટ દર્શાવી રહ્યું છે. છેલ્લા દસકામાં નવા નવા પ્રોજેકટ બન્યા તેમાં ગીફટ સીટી, મેટ્રો રેલ પ્રોજેકટ, ફલાયઓવર, આઈકોનિક રેલવે સ્ટેશન આ બધા જ પ્રોજેકટના કારણે વૃક્ષોને કાપી નાંખવામાં આવ્યા. ગાંધીનગરે વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૯ની વચ્ચે વૃક્ષોનું ગાઢ આવરણ ગુમાવી દીધું છે.

### ફરીવાર બનશે હરિયાળું ગાંધીનગર

**હરિયાળું ગાંધીનગર મિશન હેઠળ ગીર ફાઉન્ડેશનના સહકારથી ૪૨૮ હેકટર જમીનમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. પુનિતવનની આસપાસના વિસ્તારો, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અને જીઆઈડીસી એસ્ટેટની અંદર ૭૫ હેકટરમાં વૃક્ષારોપણ કરાશે. શહેરનાં વિવિધ ક્ષેત્રોમાં બ્લોક પ્લાન્ટેશન અને તેની આસપાસના કેટલાક વિસ્તારોમાં ૭૪૮ હેકટરમાં વાવેતર જોવા મળશે. આગામી દિવસોમાં ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ૨૨ લાખ વૃક્ષો વવાશે.**





વિકાસને વધારવામાં વૃક્ષો ઘટી જવાનું ભાન હવે સત્તાવાળાઓને પણ થયું હોય તેમ લાગી રહ્યું છે અને ફરીથી હરિયાળી તરફ નજર દોડાવી છે. વન વિભાગે એવું નક્કી કર્યું છે કે વૃક્ષોની ગીચતા ઘટી જતા ૨૨ લાખ વૃક્ષો વાવવામાં આવશે. જોકે વૃક્ષારોપણ કયારે, કયાં અને કેટલા સમયમાં પૂર્ણ કરાશે તે અંગે કોઈ સ્પષ્ટીકરણ નથી કરવામાં આવ્યું.

ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાએ ચેતવણી આપી છે કે ગાંધીનગરે ૩૦ ટકા વૃક્ષોનું ગાઢ આવરણ ગુમાવી દીધું છે. અહેવાલમાં જણાવ્યું હતું કે ગાંધીનગરમાં મધ્યમ ગાઢ જંગલ વિસ્તાર ૪૦ થી ૭૦ ટકા સાથે ગાઢ લીલું આવરણ માત્ર ૧૦ થી ૪૦ ટકા વૃક્ષોની ગીચતા ધરાવતો ખુલ્લો વિસ્તાર બની ગયો છે. લીલું ગાંધીનગર હવે એટલું લીલું નથી રહ્યું જેટલું પહેલા હતું. ગાંધીનગરમાં દર ૧૦૦ વ્યકિતએ ૪૧૬ વૃક્ષ એ સમયે હતા પછી ૨૦૧૫માં ૧૦૦ વ્યકિતએ ૪૫૬ વૃક્ષો થયા જે ઘટીને ૧૦૦ વ્યકિતએ ૪૧૨ વૃક્ષ થઈ ગયા છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં તો ગાંધીનગરના આકાશમાંથી મકાનના ધાબા, ગલીઓ, રસ્તા દેખાવા લાગ્યા જે ૨૦૧૫ પહેલાં નહોતા દેખાતા ત્યારે વિમાનમાંથી ગાઢ વૃક્ષો જ વધુ દેખાતા હતા. વૃક્ષોની સંખ્યા ઘટવાથી પર્યાવરણને મોટું નુકસાન થયું છે.

ગાંધીનગરમાં કુલ વનવિસ્તાર ૨૪.૯૫ સ્કવેર કિમી છે. જેમાં રિઝર્વ ફોરેસ્ટ એરિયા ૨૦.૬૬ સ્કેવર કિમી છે. પ્રોટેકટેડ ફોરેસ્ટ એરિયા ૪.૨૮ સ્કવેર કિલોમીટર છે અતિ ગીચ વિસ્તાર નહિવત છે અને મધ્યમ ગીચ વિસ્તાર ૧૦.૧૪ સ્કવેર કિમી છે. જયારે ખુલ્લો વનવિભાગ ૮૧.૯૧ સ્કેવર કિમી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરનો પ્રવેશોત્સવ ઉજવાયો




ગાંધીનગર, તા.૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના સેન્ટર ઓફ એજયુકેશન દ્વારા અષાઢી બીજ, રથયાત્રાના શુભ દિને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં સેમેસ્ટર એકમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન કર્યું હતું. સેન્ટર ઓફ એજયુકેશનના નિયામક પ્રોફેસર બી.ડી. ઢીલાએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને યુનિવર્સિટી અને તેનાં તમામ કાર્યો, અભ્યાસક્રમોથી માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીનો તમામ સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

## પેથાપુરમાં રથયાત્રાનું સુંદર આયોજન





અમદાવાદ અને જગન્નાથજીની સૌથી મોટી રથયાત્રાની પ્રેરણા થી હવે ઠેક ઠેકાણે નાના મોટા શહેરો માં ભગવાન પોતે દર્શન આપવા નીકળે છે. એવી જ એક અનોખી રથયાત્રા પેથાપુર મુકામે શ્રી જગન્નાથ મિત્ર મંડળના આયોજકો તરફથી રથયાત્રાનું સ્વાગત કરી ભગવાનની આરતી ઉતારી પુણ્ય કમાય છે. સાથે ખાસ નોંધનીય આ બાબતો છે જેમાં ૧૦૦ મણ ચોખ્ખા ઘી નો મહા પ્રસાદ પીરસવામાં આવે છે. સાથે રાસ ગરબા, મહાઆરતી, મિનરલ પાણીની સુવિધા અને ચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વ્યવસ્થાને આ વખતે ૧૧ વર્ષ થયા છે અને હજી આ સેવા કાર્ય શરૂ રહેશે એમ આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## એસ.વી. સ્કૂલ દ્વારા ‘અંકુરિત મગ’નો અનોખો પ્રોજેકટ



ગાંધીનગર, તા.૧

એસ.વી. ઇંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલ દ્વારા શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકોને અને તેમની મમ્મીઓને રથયાત્રા નિમિતે ‘અંકુરિત મગ’ નો એક અનોખો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો. જેમાં, બાળકોએ રથયાત્રાના બે દિવસ પહેલાં મગને પાંચ થી છ કલાક માટે પાણીમાં પલાળ્યા હતા. ત્યારબાદ, મગને એક ચારણીમાં કાઢી, તેને ઢાંકી, અંકુરિત થવા માટે મૂક્યા હતા. બાળકોએ આ તમામ પ્રક્રિયા પોતાની મમ્મી સાથે મળીને કરી હતી અને મગને અંકુરિત થતાં નિહાળ્યા હતા, જે જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા હતા. આ મગ તેઓએ રથયાત્રાને દિવસે પ્રસાદ તરીકે ખાધા હતા. શાળાના શિક્ષિકાઓએ બાળકોને આ મગ ખાવાથી થતાં ફાયદાઓ અને તેનું ધાર્મિક મહત્વ સમજાવ્યા હતા અને તમામ મમ્મીઓનો આભાર માન્યો હતો. આમ, શાળાએ પરાપૂર્વથી ચાલી આવતી આપણી પરંપરાઓની જાળવણી માટે જે નવતર પ્રયોગ કર્યો તેને વાલીઓએ પણ બિરદાવ્યો હતો.

## સેક્ટર નં-૨/૭ પાસે રથયાત્રાનું ભવ્ય સ્વાગત







ગાંધીનગર, તા.૧

ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા સેક્ટર નં -૨/૭ પાસે આવી પહોંચતા સેક્ટર નં -૨ વસાહત મંડળ ના પ્રમુખ રાજેન્દ્ર પારેખ તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘનાં પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઠંડા પાણી, ઠંડી છાસ, બાળકો માટે પારલે બિસ્કીટ અને ચોકલેટની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે વોર્ડ નં -૯ના કોર્પોરેટરો સંકેત પંચાસરા, શૈલજાબેન ત્રીવેદી, અલ્પાબેન પટેલ, બૃહમ સમાજના પ્રમુખ, સુનીલભાઈ ત્રીવેદી ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેકટર નં ૨/૭ ના વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘનાં પ્રમુખ કેશરીસિંહ બિહોલા, કાનજીભાઈ દેસાઈ, ચંદ્રકાન્ત સોની, વિઠ્ઠલભાઈ પરમાર, સેક્ટર નં-૨ ના વસાહતીઓ રાજેન્દ્ર પારેખ, પ્રમોદભાઈ દવે, મહેશભાઈ જાની, ચન્દ્રકાન્ત પંડ્યા, અશોકભાઈ કથેચા, નટુભાઈ લેઉવા, ગૌરાંગ પારેખ, આરતીબેન, નિમીષાબેન, પુનીતાબેન, વસંતીબેન વિગેરેએ સેવાઓ આપી હતી.

## સે-૬ ખાતે રથયાત્રાનું લઘુમતી સમાજે કર્યું સ્વાગત



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં સેક્ટર-૬ ખાતે રથયાત્રાનું શહેરના લઘુમતી સમાજ દ્વારા સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ભાજપના લઘુમતી મોરચા પ્રમુખ યુસુફ શેખ સહિત અગ્રણીઓ અનવરભાઈ, નિયાજ કાજી, અશરફ શેખ, શાકિર બાબી, આરીફભાઈ તથા અન્ય મુસ્લિમભાઈઓએ હાજર રહી સ્વાગત કર્યુ હતું.



ગાંધીનગરની રથયાત્રામાં શહેરના જાણીતા કલાકાર હિમાંશુ ભચેચ અને સ્વૈચ્છિક સંસ્થા ‘પ્રયોશા’ દ્વારા રજુ કરાયેલા દૈવી પાત્રો શંકર-પાર્વતી, રાધા-કૃષ્ણ જલારામ બાપા , હનુમાનજી, યશોદા, બાળ કનૈયો, ભારતમાતા સહિતની વેશભૂષાએ આકર્ષણ જમાવી નગરજનોનું મન મોહી લીધું હતું.

## પી.કે. ચૌધરી કોલેજ ખાતે કાલિદાસ જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર દ્વારા આષાઢસ્ય પ્રથમ દિન કાલિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ મહાકવિ કાલિદાસ વિશે તેમની કૃતિઓ વિશે તેમજ મેઘદૂતનો પરિચય કરાવી વાતાવરણને સંસ્કૃતમય બનાવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીનીએ પોતાનું વકતવ્ય રજૂ કર્યુ હતું તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મીના વ્યાસે કર્યુ હતું.



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા ગાંધીનગર દ્વારા અષાઢી બીજના દિવસે જગન્નાથ ભગવાનની રથયાત્રાનું સેક્ટર-૨૪ ખાતે સમાજના સર્વે હોદેદારો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.



લાયન્સ લાયોનેસ અને લિયો કલબ ગાધીનગર દ્વારા રથયાત્રાનું સ્વાગત સેક્ટર ૨/૭ આગળ કરવામાં આવ્યું હતું. લાયન્સ પ્રમુખ દ્વારા ભગવાનની આરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કલબના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વાવોલ-કુડાસણમાં મનપા લાયબ્રેરી બનાવશે

### આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મનપા દ્વારા વાવોલ અને કુડાસણ ખાતે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે અદ્યતન લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવશે.

મનપા સ્થાયી સમિતિની આજે મળનારી બેઠકમાં આ અંગેના ટેન્ડર અંગે આખરી નિર્ણય કરી અને આ નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૧ વાગે સ્થાયી સમિતિના સભાખંડમાં સ્થાયી સમિતિની બેઠક મળશે.

સ્થાયી સમિતિની બેઠકમાં પાણી અને ગટરના કામો માટેના ટેન્ડરો ઉપરાંત મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મંજૂરી માટે મોકલવાના કામો અંગે ચર્ચા હાથ ધરી નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં કાઉન્સીલરોએ તેમના વિસ્તારો માટે સૂચવેલા કામોને મંજૂરી આપવા ઉપરાંત હરિયાળા નગરના નિર્માણ માટે એન.જી.ઓ.ને પ્લોટ વૃક્ષારોપણ માટે ફાળવવાનો પણ નિર્ણય લેવામાં આવશે.

સ્થાયી સમિતિની બેઠકમાં ૧૮ જેટલા મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરી આખરી નિર્ણય લેવામાં આવશે.

## જન્મદિને વધામણી



**હિતેન્દ્ર પટેલ**
ભાજપ કિસાન મોરચો



**મહેન્દ્રસિંહ શિવસિંહ રાઠોડ**
મો. ૯૭૨૩૭ ૮૫૮૯૮



**ભાવના પાઠક**
લાયોનેસ કલબ, ગાંધીનગર



**રિમા મોદી**
લાયોનેસ કલબ, ગાંધીનગર



**મુકેશભાઈ કાલાવાડિયા**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો. ૯૮૨૪૫ ૦૮૫૯૮



**માયરાસિંઘ હિમાંશુભાઈ**
મો. ૯૫૧૦૫ ૦૯૪૦૭

## તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૧

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલફેર એસોસિએશન દ્વારા ચાલુ વર્ષે ધોરણ-૧૦, ૧૨ (ગુજરાત બોર્ડ અને સીબીએસઈ) તેમજ ઉચ્ચર અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થયા હોય તેવા ગાંધીનગર શહેર અને ગુડા વિસ્તારમાં રહેતા મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. આ માટે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સ્વંય પ્રમાણિત કરેલ માર્કશીટની નકલ પાછળ નામ-સરનામું અને સંપર્ક નંબર સુવાચ્ય અક્ષરોમાં લખીને સે-૨૯માં મોહંમદ ઈરફાનઅલી સૈયદ (પ્લોટ નં. ૪૫૨/૨) અને સેકટર-૭માં રફીકભાઈ મનસુરી (પ્લોટ નં. ૭૬૦૧)ને ૨૪મી જુલાઈ સુધીમાં પહોંચાડવી તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાય શિવબુત લાલબિહારી, ઉ.વ. ૭૩, સેકટર-૨૮
- સ્વ. દેસાઈ રઘુવીરભાઈ મહાદેવભાઈ, ઉ.વ. ૬૧, વાવોલ